સિવિલના ધાબા પર પાણીની ટાંકીઓ ખુલ્લી : ટાંકી આસપાસ લીલનું સામ્રાજ્ય

# શહેરના બાળકોમાં ટ્રેકીંગ કેમ્પ હોટ ફેવરીટ

ગાંધીનગર, તા.૧૫

અત્યારની વૈભવી જીવનશૈલી અને કોમ્પ્યુટર યુગમાં બાળકો કોમ્પ્યુટર પર વિવિધ ગેમ રમતા જોવા મળે છે ત્યારે એન્ડ્રોઈડ ફોનમાં સોશ્યલ મિડીયામાં આજનો યુવા વર્ગ પરોવાયેલા જોવા મળે છે. વોટસએપ અને ફેસબુકના વળગણમાં ઘેરાયેલા બાળકોને પર્યાવરણ વિશે જાણવાની ઉત્સુકતા હોય છે. વન્યપ્રકૃતિને નજીકથી જાણવા અને માણવા માટે હાલના સમયે યોજાતા વિવિધ ટ્રેંકીગ કેમ્પમાં મોટી સંખ્યમાં બાળકો રસ લઈ રહ્યા છે.

શહેરમાં સમર કેમ્પ દરમિયાન વિવધ રમતો, ડાન્સ, એકટીંગ, સહિતની તાલિમ બાળકોને આપવામાં આવે છે. પરંતુ બાળકોને સૌથી વધુ મજા ટ્રેકીંગમાં પડતી હોય છે. ગાંધીનગર શહેરના યુવાનો દ્વારા





દર વર્ષે ટ્રેકીગ કેમ્પનું આયોજન થાય છે. આગામી સપ્તાહથી વધુ એક ટ્રેકીગ કેમ્પ શરૂ થવાની તૈયારી કરી રહ્યો છે. ત્યારે ટ્રેકીગ કેમ્પમાં જોડાવા માટે બાળકો ઉત્સુક બન્યા છે. અને સાથે સાથે વાલીઓ પણ પોતાના બાળકના જીવનનું ઘડતર થાય તે માટે ટ્રેકીંગ કેમ્પમાં મુકવાનું પસંદ કરતા હોય છે. આ અંગે શહેરના યુવાન અમિત ગોંડ જણાવે છે કે ટ્રેંકીગ કરવાથી બાળકનું શરીર ખડતલ બને છે તેમજ બાળકોમાં આત્મવિશ્વાસ પેદા થાય છે. જે અત્યારના બાળકોમાં ખાસ કરીને આત્મવિશ્વાસની કમી જોવા મળતી હોય છે.બાળક ગમે તેવી પરિસ્થિતિનો સામનો કરવા સજજ બને છે. ગાંધીનગરમાં પુનિતવન, વનચેતના, ઈન્દ્રોડા પાર્ક સહિત થોર, પોલો ફોરેસ્ટ, જૈસોર રીંછ અભયારણ્ય એ ટ્રેંકીંગ માટેના ઉતમ સ્થળ ગણાય છે. જયારે ટ્રેકીંગનો સમય સવારનો રાખવામાં આવે છે જેમાં બાળકોને સાપ, પશુ-પક્ષી, અને જંગલ શું છે તે સવિસ્તાર બાળકોને સમજાવી વૃક્ષોની માહિતી આપવામાં આવે છે. કઈ વનસ્પિતનું કેટલુ મહત્વ છે શું કામમાં આવે છે સહિતની માહિતી મળતા બાળકોમાં આનંદ છવાઈ જાય છે. ત્યારે વન્ય પ્રકૃતિને માત્ર ટીવી કે મોબાઈલ પર માણતા છોકરાઓ ખરેખર કુદરતને ખુંદી રહ્યા હોય છે આ ટ્રેકીંગ દરમિયાન અનેરા ઉત્સાહનું પણ સિંચન બાળકોમાં થાય છે.

## @ગાંધીનગર

● ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ આયોજિત ૧૫મો સમૂહ લગ્નોત્સવ સે-૬ના કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જેમાં સવારે ૯.૩૦ કલાકે લગ્ન વિધિ યોજાશે. આ સમારંભમાં બપોરે ૨ કલાકે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવશે.

## પેથાપુર કસ્બામાંથી જુગાર રમતા સાત શકુની પકડાયા : રૂ. ૨૨૦૦ના મુદ્દામાલ સાથે સાતેયની ધરપકડ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર નજીક પેથાપુર કસ્બા વિસ્તારમાં જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે આજે બપોરે પેથાપુર પોલીસે દરોડો પાડી સાત શકુનીઓને પકડી પાડયા હતા. રૂ. ૨૨૦૦ના મુદ્દામાલ સાથે પોલીસે સાતેય આરોપીઓની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળાની ટીમને આજે બપોરના સુમારે બાતમી મળી હતી કે પેથાપુર કસ્બા વિસ્તારમાં કેટલાક શખ્સો બાજી માંડીને બેઠા છે તેને આધારે ટીમ તાબડતોબ બાતમીવાળા સ્થળે પહોંચી ગઈ હતી અને રેડ કરીને સ્થળ કોર્ડન કરી લીધું હતું. કોર્ડન કરીને સાત આરોપીઓને રંગે હાથ જુગાર રમતા પકડી પાડવામાં આવ્યા હતા. પેથાપુર કસ્બામાં રહેતા મુસ્તુફા ઉર્ફે એહમદમિયા બાબુમિયા પઠાણ, હબીબ યુસુફખાન પઠાણ, સરફરાજ હબીબમીયા રાઠોડ, ઈકબાલ બાબુખાન પઠાણ, પેથાપુર તરપોજ વાસના વાડીલાલ અંબાલાલ પટેલ, પેથાપુર પાલૈયા વિસ્તારના ભરત દિપસિંહ વાઘેલા, અને સે-૨૦ છ ટાઈપ બ્લોક નં. ૫૩/૦૨ ખાતે રહેતા ભરત વ્રજલાલ બારોટ મળીને સાત આરોપીઓની રોકડ રૂ. ૧૮૩૦ મળી કુલ રૂ. ૨૨૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલના ધાબા પર પાણીની ટાંકીઓ ખુલ્લી : ટાંકી આસપાસ લીલનું સામ્રાજ્ય

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાય દિવસથી પીવાના ઠંડા પાણીના કુલરમાંથી ગંધ આવતી હોવાની દર્દીઓ તેમજ સગાઓમાં બુમ ઉઠવા પામી હતી. પરંતુ સત્તાધીશો તો સબ સલામતના દાવા કરી રહ્યા છે. ત્યારે સિવિલના ધાબા પર આવેલી મોટાભાગની ટાંકીઓ પર ઢાંકણા નથી. પાણી ઉભરાઈને નીચે પડવાથી ધાબા પર પાણી ભરાઈ જવા પામ્યું છે અને ટાંકીઓની આસપાસ લીલનું સામ્રાજય ફેલાયેલું છે. ગંદકીથી ખદબદતી પાણીની ટાંકીઓને પગલે સિવિલમાં ઈન્ડોર દર્દીઓના આરોગ્ય માથે ખતરો ઝંળુબી રહ્યો છે. પાણીજન્ય રોગચાળાને પગલે દર્દીઓ જયાં સારવાર માટે આવતા હોય છે ત્યાં જ મોટી બિમારીના એંધાણ વર્તાઈ રહ્યા છે.

ગાંધીનગર શહેર નજીક આવેલા રાંધેજા ગામમાં પાણીની ટાંકીની યોગ્ય સાફ સફાઈના અભાવે પાણીજન્ય રોગચાળાએ માથું ઉચકતા આરોગ્ય તંત્ર આખુ દોડતું થઈ ગયું હતું. અને પાણીજન્ય રોગચાળાને કાબુ કરવા ભારે મથામણ કરી હતી. પાણીની લાઈનમાં પડેલા ભંગાણ પણ તાત્કાલીક અસરથી રિપેર કરાયા હતા. ત્યારે પાટનગરની સિવિલમાં જ લાલિયાવાડી દેખાઈ રહી છે. ઉનાળાની ગરમીમાં પાણી એ અત્યંત જરુરી છે ત્યારે હોસ્પિટલના ધાબા પર આવેલી પીવાના પાણીની ટાંકીઓમાં મોટાભાગે ઢાંકણ નથી તેમજ ઢાંકણના હોવાથી કચરો ઉડીને ટાંકીમાં પડીને ટાંકીઓ ગંદકીમાં ખદબદી રહી છે. તો બીજી તરફ પાણી ઉભરાઈ જવાથી પાણીનો યોગ્ય નિકાલ ના થવાને કારણે સમગ્ર ધાબુ ગંદકીમાં ગરકાવ છે. ટાંકીની આસપાસ લીલનું સામ્રાજય છવાયેલુ છે. ગંદકીને કારણે મચ્છરોનો ત્રાસ પણ વધી જવા પામ્યો છે. રોજ રાઉન્ડના નામે ફરતા સિવિલના સતાધિશોને આ ગંભીર સમસ્યા નજર આવતી નથી. માત્ર સાફ સુથરા વોર્ડમાં આંટા મારીને કામ કર્યાનો સંતોષ અધિકારીઓ માને છે. ત્યારે રાજધાની ગાંધીનગરની સિવિલની આ અવદશા છે. સિવિલમાં આવતા રોજના હજ્જારો દર્દીઓના આરોગ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે બિમારીની દવા લેવા આવતા દર્દીઓ ખુદ બિમારી લઈ ઘરે જાય તેવો ઘાટ ઘડાયો છે.



## વાતવાતમાં

● કલ્ચરલ ફોરમના ગ્રીષ્મોત્સવમાં પ્રસ્તુત કરાયેલ નાટક 'કોડમંત્ર' જોઈ પ્રેક્ષકો એટલા મંત્ર મુગ્ધ થઈ ગયા હતા કે તે નાટકના ફેસબુક પેજ પર અડધી રાત સુધીમાં તો લાઈકસનો ઢગલો થઈ જવા પામ્યો હતો. ગાંધીનગરના કલાપ્રેમીઓની આટલી કદર મેળવી નાટકનું આખે આખુ યુનિટ પણ ભાવવિભોર થઈ ગયું હતું.

● ગાંધીનગર જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવ વાઈરલ ફિવરની ઝપટમાં આવી ગયા છે. તબીબે તેમને આરામ લેવાની સલાહ આપી છે.

● ગાંધીનગરમાં ચાલી રહેલ વોટસન મેમોરિયલ ફુટબોલ કપની ફાઈનલમાં રવિવારે શહેરની ઝેવિયર્સ યુએફસી ટીમ તથા રાજકોટની એજી ઓફિસ ટીમ વચ્ચે મેચ યોજાઈ હતી. એજી ઓફિસ રાજકોટના દિપેસ પૂને ટુર્નામેન્ટમાં ધમાકેદાર પરફોર્મન્સ કર્યુ છે જેના કારણે તેઓ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટના દાવેદાર ગણાય છે.

● શહેરમાં અનેક જ્ઞાતિ અને સમાજો દ્વારા હાલ પોતાના બાળકો માટે નોટબુક-ચોપડા વગેરેનું નિઃશુલ્ક વિતરણનું કામ હાથ ધરાયેલું જોવા મળી રહ્યું છે. વેકેશનમાં જ બાળકને નોટ ચોપડા આપી દેવાથી તેમને ઉઘડતી સ્કૂલે બાકીની સ્ટેશનરી જ ખરીદી કરવાની રહે છે.



## હિલવુડ સ્કૂલનો પ્રયાસ લેખે લાગ્યો

વૈશાખ મહિનો જાણે આકાશમાંથી અગનગોળા વરસાવી રહ્યો છે. અત્ર, તત્ર, સર્વત્ર સૌ કોઈ સૂરજદાદાના પ્રકોપથી પ્રભાવિત થઈ રહ્યાં છે. માત્ર માનવી જ નહી પરંતુ પશુ, પંખી અને અબોલ જીવો તમામ ઉનાળાની આ ગરમીમાં શેકાઈ રહ્યાં છે. 'ઊંટે કાઢયા ઢેકા તો માણસે બનાવ્યા કાઠા'ની જેમ મનુષ્યો તો આ કાળઝાળ તાપથી બચવા એસી અને પંખાની ઓથે પોતાના ઘરમાં શરણ મેળવી લે છે સાથે વિવિધ ફળોના જયુસ કે છાશ ઠંડા પીણા વગેરેથી તૃષા સંતોષે છે પરંતુ પશુ-પંખીઓની હાલત તરસના કારણે કફોડી બની જાય છે. અનેક પશુ પંખીઓ અને વન્ય જીવો ઉનાળામાં પાણી પીવા ના મળતા ટળવળીને જીવ ગુમાવે છે. જો કે શહેરમાં જીવદયા પ્રેમીઓ આ અબોલ જીવો માટે પાણીના કૂંડા મૂકી તેમને માટે રાહત ઉભી કરે છે જે જીવાદોરી સમાન સાબિત થાય છે. ગાંધીનગરની સેકટર-૨૫ જીઆઈડીસીમાં આવેલ હિલવુડ સ્કુલ દ્વારા પણ જીવદયાના ભાગરૂપે સ્કૂલ કેમ્પસમાં આ પ્રકારની પક્ષી પરબની વ્યવસ્થા કરાઈ છે જેનો લાભં પખીઓ ઉપરાંત અન્ય જીવો પણ લઈ પોતાની તરસ છીપાવી તૃપ્ત થઈ રહ્યાં છે.

# એસ.પી. કચેરી ખાતે પોલીસ જવાનોનું હેલ્થ ચેક અપ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના પોલીસના કર્મચારી અધિકારીઓ માટે આજે સે-૨૭ સ્થિત એસ.પી. કચેરી ખાતે હેલ્થ ચેકઅપનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ વિષયના નિષ્ણાંત ૧૦ તબીબોની ટીમે સેવાઓ આપીને કોન્સ્ટેબલથી માંડીને ડીવાયએસપી કક્ષાનાં ૨૮૯ કર્મચારી-અધિકારીઓનું હેલ્થ ચેકઅપ કર્યું હતું.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે હેલ્થ ચેક અપ કાર્યક્રમનું ઉદઘાટન દીપ પ્રાગટય કરીને કર્યુ હતું. આ કેમ્પમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આરએમઓ ડૉ. કલ્પેશ શાહ અને ઈન્ડીયન મેડીકલ એસોસીએશનના ડૉ. અનિલ ચૌહાણ સહીતની તબીબોની ટીમે સેવા આપી હતી. તેમાં ૪ એમ.બી.બી.એસ., ૧ ઓર્થોપેડીક સર્જન, એમ.ડી. ફીઝીશીયન, જનરલ સર્જન, ઈએનટી, ગાયનેક અને ઓપ્થોમેટીસ્ટ મળીને ૧૦ નિષ્ણાંત તબીબોનો સમાવેશ થાય છે. પોલીસ કોન્સ્ટેબલથી માંડીને ડીવાયએસપી કક્ષાના ૨૮૯ કર્મચારી-અધિકારીઓનું આ કેમ્પમાં ચેકઅપ કરવામાં આવ્યું હતું. જેમાં બ્લડ સુગર, બ્લડ પ્રેશર, ઈસીજી અને આંખની તપાસનું ફરજીયાત ચેક અપ થયું હતું. બે કર્મચારીઓ એવા નિકળ્યા હતા જેમને આજે કેમ્પમાં ચેક અપ દરમિયાન ધ્યાને આવ્યું કે તેઓને ડાયાબીટીશ છે. જેમાં એક કોન્સ્ટેબલ અને એક હેડ કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે. બંને કર્મચારીઓની વધુ સારવાર શરુ કરવામાં આવી છે.





# ૪૪ ડિગ્રી તાપમાં મારી મા માટે ૨૪ કલાક પંખો ચાલે છે

**ગાંધીનગરના એક એવા દિવ્યાંગ સંશોધકની દાસ્તાન જેમણે સોલાર એનર્જીનો સાચા અર્થમાં ઉપયોગ કરી દેખાડયો છે : માત્ર એસએસસી પાસ ધર્મેન્દ્ર વૈષ્ણવ સોલાર ક્ષેત્રે અઢળક સંશોધનો કરી ચુકયા છે**



સંબંધ સજાવે જિંદગી

સમીર રામી

ગાંધીનગર, તા.૧૫

બળબળતા ઉનાળાનો તાપ સૌ કોઈને દઝાડી રહ્યો છે. ઉનાળાની ગરમી સાથે સૌથી મોટી સમસ્યા જો કોઈ ઉભી થતી હોય તો તે છે પાણીના પુરવઠાની. પાણીનું મહત્વ તેની અછત સમયે જ માનવીને સમજાય છે. એમાં પણ ઉનાળામાં જયારે ઓવરહેડ ટાંકીમાં પાણી ચઢાવતી ઈલેકટ્રીક મોટર કામ ના કરે ત્યારે તો હાલત વધુ કફોડી બને છે. ગાંધીનગરના સેકટર-૨૭માં એક દિવ્યાંગ ભેજાબાજે સોલાર પેનલના ઉપયોગથી એવી વ્યવસ્થા ગોઠવી છે કે તેના ઘરના ધાબા પર ૩૫ ફુટ ઉપર આવેલ પાણીની ટાંકીમાં આસાનીથી પાણી પહોંચાડી શકે છે અને એટલું જ નહી પરંતુ જયારે પાણીની ટાંકી ભરાઈ જાય એટલે આ સીસ્ટમ મ્યુઝિક વગાડી જાણ પણ કરી દે છે તે પણ માત્ર નજીવા ખર્ચમાં.

ધર્મેન્દ્ર વૈષ્ણવ નામનો આ બેજાબાજ માત્ર એસએસસી પાસ હોવા છતા સોલાર સર્કિટના ઉપયોગથી અઢળક સંશોધનો કરી ચુકયા છે. હવે તે સાયકલના પેંડલ મારી ઓવરહેડ પાણીની ટાંકી ભરી શકાય તેવી સીસ્ટમ તૈયાર કરવામાં લાગી ગયા છે. આ યંત્ર બનાવવા પાછળ તેમનો હેતુ એ છે કે ગ્રામ્ય વિસ્તારમાં વિજળીની અનિશ્ચિતતા તથા આર્થિક સક્ષમતા ઓછી હોય ત્યાં દરેકને પરવડે તેવી પધ્ધતિથી પાણીની સમસ્યા હલ કરી શકાય.

નાનપણમાં તાવ મટાડવા લીધેલા ઈન્જેકશનના કારણે કાયમી પોલિયોગ્રસ્ત બની પોતાના બંને પગ ગુમાવનાર ધર્મેન્દ્ર વૈષ્ણવે એસએસસી પછી એક ઓટોમોબાઈલ્સની દુકાને વાહન રીપેરીંગનું કામ ચાલુ કર્યુ હતું. પહેલેથી જ ખણખોતર અને પ્રયોગો કરવાની આદતના કારણે તેમણે અહીં પણ પ્રયોગો કરવાનું ચાલુ રાખ્યું તે વખતે ગાંધીનગરમાં લ્યુના-મોપેડનો યુગ હતો અને તેમણે માત્ર એક લીટરમાં ૯૦ કીલોમીટર લ્યુના ચાલી શકે તેવી શોધ કરી ચર્ચા જગાવી દીધી હતી. આર્થિક જરૂરિયાતના કારણે એક પછી એક વ્યવસાય બદલતા તેમણે બુટ ચંપલની હોલસેલની દુકાન પણ ચલાવી જોઈ હતી. એક દિવસે તેમને વિચાર ઝબુકયો કે દુનિયામાંથી જયારે પેટ્રોલ, ડિઝલ કે કેરોસીન જેવા ઈંધણ ખુટી જશે પછી શું થશે? બસ આ અંગે વિચારતા વિચારતા તેમને આશાનું કિરણ દેખાયું. સૂર્યના તાપમાં શરૂઆતમાં ૪૦ વોલ્ટની સોલાર સર્કિટ બનાવી સફળતા મળતા આત્મવિશ્વાસ વધ્યો પછી તો ૮૦ વોલ્ટ અને ૧૫૦ વોલ્ટ એમ કેપેસીટી વધારતા ગયા. હાલ એ સ્થિતિ છે કે તેમના ઘરના ધાબે સોનાર પેનલો લાગેલી છે અને ઘરના તમામ ઉપકરણો સોલાર એનર્જીથી જ ચાલે છે. સતત બિછાને પડેલા તેમના વયોવૃધ્ધ માતા માટે ૪૪ ડિગ્રીમાં ૨૪ કલાક પંખો સોલાર શકિતથી સતત ફરતો રહે છે.



જેમ જેમ તેમની પ્રતિભા અંગે સમાજને જાણ થતી ગઈ તેમ તેમ મોટી મોટી કંપનીઓની ઓફરો પણ આવવા લાગી. પરંતુ ખુમારી એવી કે કોઈ કંપની સાથે કરારમાં બંધાઈ પોતાના સંશોધનોને નફો રળવાનું સાધન બનવા ના દીધું. સોલાર મોબાઈલ ચાર્જરથી માંડીને બેટરી વગર ચાલતો સોલાર વજન કાંટો એવા તો અનેક ઉપકરણો તેમણે બનાવી લીધા છે અને તે પણ માત્ર 'વેસ્ટમાંથી બેસ્ટ' એટલે કે નકામી ચીજવસ્તુઓના ઉપયોગથી. તેમનું સૌથી રસપ્રદ સંશોધન તો એ છે કે માત્ર ૧૨ વૉટની એક સોલાર સર્કિટ દ્વારા એક કાર સીસ્ટમ જે તેની ૬ કિમીની ત્રિજયામાં આવતા તમામ વાહનોની નિયમ કરતા વધુ પ્રકાશ રેલાવી આંખો આંજી નાંખતી લાઈટોને તેમની સીમા સુધી ધીમી કરી નાંખે જેથી ડ્રાયવરને કોઈ જોખમ રહે નહીં. મોટી લાઈટોના કારણે હાઈવે પર સર્જાતા અકસ્માતો પર આ સીસ્ટમથી ખુબ કાબુ મેળવી શકાય તેમ છે વળી આ સીસ્ટમમાં જીપીઆરએસ વગર પણ તે કાર કયાં કયાં ફરી આવી તેનો તમામ રેકોર્ડ મેળવી શકાય છે અને ગાડીમાં પેટ્રોલ કેટલુ ભરાયું, કેટલુ વધ્યુ તે પણ સ્ક્રીન પર જોઈ શકાય છે.

આવા અઢળક સંશોધનો કરનાર ધર્મેન્દ્ર વૈષ્ણવને હજુ સુધી સરકાર દ્વારા તો કોઈ એવોર્ડ મળ્યો નથી પરંતુ જીવનમાં પણ કેટલીક પારિવારિક મજબૂરીઓનો સામનો પણ કરવો પડયો છે. જો કે પોતાની વિકલાંગતાને ન ગાંઠનાર આ લડવૈયાને સાથ મળ્યો છે પોતાની બહેનનો જેણે પોતાના ભાઈ અને બિછાને પડેલી માતા ખાતર લગ્ન સુધ્ધાં નથી કર્યા. બહેનની સરકારી નોકરીથી ઘર તો આસાનીથી ચાલી જાય છે અને સાથે સાથે પોતાના સંશોધનો થકી થતી આવકે આર્થિક સધ્ધરતા પણ મળી ચુકી છે. આજ સહારે હજુ તેઓ ઘણા સમાજોપયોગી સંશોધનો કરવા પોતાની જાતને કટિબધ્ધ ગણાવે છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ઘેટાં ચરાવવાની બાબતે ડભોડા ગામમાં મારામારી

ગાંધીનગર નજીક આવેલા બોડા ગામનાં રામનગર વિસ્તારમાં ગઈ સાંજે ઘેટાં ચરાવવા જેવી નજીવી બાબતે મારામારીના દશ્યો સર્જાયા હતા. ઘાયલ યુવાને ડભોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી ત્રણેયની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ મુળ રાજસ્થાનનો અને હાલ ડભોડા રામનગર વિસ્તારમાં રહેતો યુવાન ઈદારામ લકમાજી રબારી ગઈ સાંજે ગામના એક ખેતરમાં ઘેટાં ચરાવવા જતો રહ્યો હતો તે દરમિયાન ગામનાં જ ત્રણ લોકલ યુવાનો ત્યાં આવી પહોંચ્યા હતા અને બોલાચાલી બાદ મારામારી થઈ હતી. બાધા ઉર્ફે મોરલી કરશન ભરવાડ, રાજુ ભરવાડ અને જોધા કરશન ભરવાડ ત્રણેય શખ્સોએ મળીને ઈદારામની ધોલાઈ કરી હતી. મોરલીએ લાકડી વડે હાથના પંજે માર માર્યો હતો જયારે રાજુ અને જોધાએ ગડદાપાટુનો માર મારીને પીટાઈ કરી હતી. ઘાયલ ઈદારામને તાત્કાલીક સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયો હતો. ઘાયલ ઈદારામે ત્રણેય શખ્સો સામે ડભોડા પોલીસ મથકમાં ફરિયાદ આપતા જમાદાર વનરાજસિંહે ગુનો દાખલ કરીને ત્રણેય આરોપીઓને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## સે-૨માં બંધ મકાનનું તાળુ ખોલીને ૫૭ હજારની મત્તાની ચોરી

શહેરના સેકટર-૨-બી પ્લોટ નં. ૧૪૫/૩ ખાતે મહુડી મંદિર પાસે રહેતા દિવ્યાંગભાઈ વાસુભાઈ રાવલના બંધ મકાનમાં ગઈ કાલે તસ્કરો ત્રાટકયા હતા. બંધ મકાનના દરવાજાનું તાળુ કોઈ રીતે ખોલીને અંદર પ્રવેશ કરી તસ્કરો રૂ. ૩૨ હજારની કિંમતનું એલઈડી તથા તિજોરી ખોલી તેની અંદરથી રૂ. ૨૫ હજાર રોકડા મળી કુલ રૂ. ૫૭ હજારની કિંમતનો મુદ્દામાલ ચોરી કરી ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવા પામી છે. મકાન માલિક દિવ્યાંગભાઈ રાવલની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ગુનો નોંધી પીએસઆઈ બી.એલ. બોડાણાએ વધુ તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. ભીખીબેન વિષ્ણુજી ઠાકોર, ઉ.વ. ૪૦
- સ્વ. કિશનભાઈ હિરાભાઈ પરમાર, ઉ.વ. ૫૭
- સ્વ. ધર્મિષ્ઠાબેન પ્રકાશભાઈ સોલંકી, ઉ.વ. ૪૪
- સ્વ. બાબુલાલ જીવરામ દરજી, ઉ.વ. ૮૦